



સુવિચાર : શ્રદ્ધાની ફળદ્રુપ ધરતી પર મોકળે મને સાધનાનો શ્રાવણ ભાદરવો વરસે ત્યારે સિદ્ધિની હરિયાળી લહેરાઇ ઉઠે છે - જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૪ | ૨૪ મે, ૨૦૧૫, શનિવાર ; જેઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં ઉકળાટનો આકરો મિજાજ

## પારો ૪૨.૫ ડીગ્રી : બપોરે આગ ઓકતી ગરમી : સાંજે અસહ્ય ઉકળાટ

## છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર રહેતા નાગરિકો તોબા

ગાંધીનગર,તા ૨૩

શહેરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે.ગરમીનો પારો છેલ્લા ૧૫ દિવસથી ૪૦ ડી ગ્રી ને પાર રહેતા નાગરિકો તોબા પોકારી ગયા છે. સીઝનની મહત્તમ ગરમીમાં પણ ૪૪.૬ ડીગ્રી એ પહોચી જતા નગરજનો આગ ઓકતી ગરમીમાં શેકાયા હતા. આજે પણ મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી નોંધાયું હતું.જયારે વાતાવરણમાં પણ ભેજનું પ્રમાણ વધારે રહેતા નગરજનોએ ઉકળાટ અનુભવ્યો હતો.

સમગ્ર રાજયમાં આ વખતે ગરમીના કહેરથી જનજીવન પ્રભાવિત થયું છે. ત્યારે ગ્રીન સીટી ગાંધીનગરમાં પણ ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઉનાળો વધુ આકરો પુરવાર થયો છે. છેલ્લા ૧૫ દિવસથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીથી ઉપર રહેતા ગરમી અસહ્ય હોવાનો અહેસાસ નાગરિકો કરી રહયા છે. આકરી ગરમીના લીધે જનઆરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે.જયારે ગરમીની અસરથી

● અનુસંધાન પાન-૭ પર

## આગામી બે દિવસ હીટવેવ તીવ્ર બનશે : હવામાન વિભાગ

ગાંધીનગર, તા. ૨૩

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં આગામી ૪૮ કલાકમાં હીટવેવ તીવ્ર બને તેવી શક્યતાઓના નિર્દેશ હવામાન વિભાગે આપ્યા છે.

ઉત્તર ગુજરાતમાં ઉનાળાના આરંભથી જ ૪૦ ડિગ્રી કરતાં વધુ ગરમી નોંધાઈ છે જે પણ એક વિક્રમ બની રહેશે. ગરમીના વધતા જતા પ્રકોપને લઈ ખેડૂતો ચિંતાતુર બન્યા છે. પાંચ પાંચ કમોસમી વરસાદને કારણે ચોમાસુ અનિયમિત રહેવાની શંકા ખેડૂતોમાં ઘર કરી ગઈ છે.

જો કે વાવણીનો ધીમી ગતિએ આરંભ જરૂર કર્યો છે પણ આ વખતે વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાશે તેમ મનાઈ રહ્યું છે.

## ૨૦૧૪-૧૫માં પંચાયતના સભ્યો માટે વિસ્તાર-વિકાસ ગ્રાન્ટનો રૂપિયો પણ ખર્ચી શકાયો નહિ

### તંત્રની ઉદાસીનતા કે રાજકીય ખેંચતાણની તીવ્રતા કે વહીવટીય અણ આવડત જેવા મુદ્દાઓને લઈ વાતો ચગડોળે ચડી છે

ગાંધીનગર, તા. ૨૩

૨૦૧૪ના વર્ષમાં રાજકીય દાવપેચમાં સભ્યોની વ્યસ્તતા અને તંત્રની અનિર્ણાયકતાની સ્થિતિને લઈ સભ્યોને વિસ્તાર વિકાસ માટે ફાળવવામાં આવતી રૂ. ૭ લાખના ખર્ચની રકમ વણવપરાયેલી રહેવા પામી.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી આ રકમ દરેક સભ્યને દર વર્ષે ફાળવવામાં આવે છે. ૨૦૧૩-૧૪થી અમલી બનેલી આ યોજનાના પ્રથમ વર્ષે સભ્યોએ તેમના ફાળાની રકમ રૂ. ૫૫.૩૪ લાખ ખર્ચી શક્યા ન હતા. પ્રથમ વર્ષ હોવાથી સભ્યોને પુરી જાણકારી ના હોવાનું તથા માર્ગદર્શિકા અસ્પષ્ટ હોવાનું જણાવી તંત્રમાં વહીવટીય મંજૂરી મળી ન હતી.

આ પછી ૨૦૧૪-૧૫ના વર્ષમાં રાજકીય દાવપેચની તીવ્રતા અને તંત્રની ઉદાસીનતાને લઈ આખેઆખી બજેટની જોગવાઈ હોવા છતાં મંજૂરીની ફાઈલો અટવાતી રહી.

રૂ. ૧૮૯ લાખ વર્ષ ૨૦૧૪-૧૫ના અને વર્ષ ૨૦૧૩-૧૪ના રૂ. ૫૫.૩૪ લાખની મળી કુલ રૂ. ૨૪૪.૩૪ લાખની રકમ વિકાસ માટે વપરાઈ જ નહિ.

હવે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે અને વિકાસની વાતોને આધાર બનાવી મતદારો સુધી પહોંચવા સભ્યોમાં હોડ જામી છે. આ સભ્યોએ રાજકીય દબાણ ઉભુ કર્યુ છે અને આ રૂ. ૨૪૪.૩૪ લાખની જોગવાઈ ચાલુ વર્ષના બજેટમાં રિવાઈઝડ જોગવાઈ તરીકે સુચવવાની માંગ સાથે વિકાસ કામોની યાદી પણ રજુ કરી દીધી છે.

ચૂંટણીઓ નજીક આવતાં જ વિકાસની યાદ આવી એ પણ સમયની બલિયારી છે.

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલી રાજકીય ખેંચતાણની તીવ્રતામાં આખેઆખી જોગવાઈ પ્રજા કલ્યાણની વિસરાઈ ગઈ અને તંત્રએ તેની યાદ પણ ન અપાવી. આમાં હવે

● અનુસંધાન પાન-૭ પર








